# આત્મ - કથન

ભાગ - ૧

વિપશ્યના આચાર્ય શ્રી સત્યનારાયણ ગોયન્કા



# આત્મ - કથન

## ભાગ-૧

(વિપશ્યના આચાર્ય શ્રી સત્યનારાયણ ગોયન્કા લિખિત
હિન્દી પુસ્તકનો ગુજરાતી અનુવાદ)

**વિપશ્યના આચાર્ય શ્રી સત્યનારાયણ ગોયન્કા**

વિપશ્યના વિશોધન વિન્યાસ
ધમ્મગિરિ, ઈગતપુરી

**G16 - આત્મ - કથન** (ભાગ-૧)

© વિપશ્યના વિશોધન વિન્યાસ
સર્વાધિકાર સુરક્ષિત

પ્રથમ આવૃત્તિ : જુલાઈ ૨૦૧૮

**કિંમત રુ. ૬૦.૦૦**

ISBN: 978-81-7414-402-7

**પ્રકાશકઃ**
**વિપશ્યના વિશોધન વિન્યાસ**
ધમ્મગિરિ, ઈગતપુરી - ૪૨૨ ૪૦૩
જિલા - નાશિક, મહારાષ્ટ્ર
ફોનઃ ૦૨૫૫૩-૨૪૪૯૯૮, ૨૪૪૦૭૬,
૨૪૪૦૮૬, ૨૪૪૧૪૪, ૨૪૪૪૪૦,
Email: vri_admin@vridhamma.org
Website: www.vridhamma.org

**મુદ્રકઃ**
**અપોલો પ્રિંટિંગ પ્રેસ**
જી-૨૫૯, સીકૉફ લિમિટેડ, ૬૯ એમ. આય. ડી. સી.,
સાતપુર, નાશિક-૪૨૨૦૦૭, મહારાષ્ટ્ર

# આત્મ - કથન

## અનુક્રમણિકા


પ્રસ્તાવના ........ ૫

**ભગવાન બુદ્ધે ભારતને દુર્બળ બનાવ્યો ........ ૯**

યુદ્ધ પૂર્વેનો બર્મા નિવાસ ........ ૯

**મારું ભારતમાં આગમન ........ ૧૧**

પં. વિદ્યાધર શાસ્ત્રી ........ ૧૨

**સ્વદેશ-પ્રેમ ........ ૧૪**

**આઝાદીમાં નેતાજીનું યોગદાન ........ ૧૯**

**રક્તરંજીત આઝાદી ........ ૨૦**

**ફરી જન્મભૂમિ બર્મા પાછો ફર્યો ........ ૨૧**

**બર્માનું સાર્વજનિક જીવન ........ ૨૩**

**નહેરુજી સાથે મુલાકાત ........ ૨૫**

**સાહિત્ય સર્જન ધર્મિતા ........ ૨૮**

દેશની આઝાદી ઉપર એક કવિતા ........ ૨૮

ગાંધી, નહેરુ અને પટેલ ........ ૨૯

મહાત્મા ગાંધી ........ ૨૯

સરદાર પટેલ ........ ૨૯

પં.નહેરુ ........ ૩૦

નેતાજી સુભાષચંદ્ર બોઝ ........ ૩૧

હોળીની ધમાલ ........ ૩૨

વીર રસની અન્ય કવિતાઓ ........ ૩૪

૧) મીના બજાર ........ ૩૫

૨) બલિદાની પન્ના ........ ૩૬

**હિન્દી સાહિત્યનું અધ્યયન ........ ૪૦**

મારી શિવ ભક્તિ ........ ૪૬

એક બીજી ઘટના ........ ૪૭

એક બીજી ઘટના ........ ૪૯

એક બીજી ઘટના ................................... ૫૦
**રીતિકાલિન હિન્દી કવિ...................................................૫૩**
**જાતિ-પાતિ આધારિત દોષ .........................................૬૦**
શુદ્ધિકરણ ........................................ ૬૧
ઉપનયન સંસ્કાર ..................................... ૬૬
અતિશુદ્રનો ઉપનયન સંસ્કાર.............................. ૬૮
જાતિ-બહિષ્કારનો ભય ................................. ૬૯
છૂતાછૂતની પરાકાષ્ટા .................................. ૭૦
આ દુર્ભાવનાના કેટલાંક શરમજનક ઉદાહરણો **........... ૭૨**
આ સંદર્ભમાં એક દર્દભરી ઘટના ........................... ૭૨
એવો જ એક બીજો પ્રસંગ ............................... ૭૪
**છિ: કલા..................................................................૭૫**
**જાપાનના યુદ્ધ પછી .................................................૭૭**
એક વ્યક્તિગત દર્દભર્યો અનુભવ .......................... ૭૯
મારા વિદ્યાર્થી જીવનની કેટલીક સ્મૃતિઓ .................... ૮૨
આર્ય સમાજ........................................... ૮૪
બીજો એક દર્દવિદારક પ્રસંગ ............................ ૮૪
પ્રચંડ પ્રતિક્રિયા ....................................... ૮૫
એ તૂફાની કવિતા ..................................... ૮૫
**પૂર્વ એશિયાના બુદ્ધાનુયાયી દેશો ...................................૮૮**
ભગવત્ ગીતા ......................................... ૮૯
**એક આકસ્મિક ઘટના ..................................................૯૧**
ત્રિપિટક ............................................. ૯૬
**બુદ્ધ શાસન.............................................................૯૯**
**મારું ભાગ્ય જાગ્યું !............................................... ૧૦૧**
**બુદ્ધવાણીનું અધ્યયન ................................................ ૧૦૫**
દેશની સુરક્ષા ......................................... ૧૦૮
**પૂર્વ ભૂમિકા ........................................................... ૧૦૯**
**વિપશ્યના સાધના કેંદ્ર................................ ૧૧૧**

# પ્રસ્તાવના

આત્મકથનમાં આત્મવિજ્ઞાપન અને આત્મશ્લાઘાનું દૂષણ પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપમાં સમાયેલું રહેતું જ હોય છે, આ જોખમને જાણવા સમજવાં છતાં પણ હું આ વિષયો પર ક્યારેક ક્યારેક લખતો રહું છું. મેં આને એટલા માટે જરૂરી માન્યું કે ભવિષ્યના પણ વિશ્વવ્યાપી બહુસંખ્યક વિપશ્યી સાધક-સાધિકાઓની એ જિજ્ઞાસા પૂરી થઈ શકે કે હું અધ્યાત્મના કેવા વાતાવરણમાં જનમ્યો અને ઉછર્યો, ત્યારબાદ કઈ-કઈ બહુરંગી મંજીલોમાંથી પસાર થતો અહિંયા સુધી પહોંચ્યો. આ જીવનની આજ દિન સુધીની અધ્યાત્મની બહુઆયામી યાત્રામાં મને ક્યારે-ક્યારે, ક્યાં-ક્યાં, કેવા-કેવા અનુભવો થયા; આ સાધકોની કેવળ કુતૂહલતા પુરી કરવાની જ સામગ્રી બનીને ન રહી જાય, પરંતુ તેનું જ્ઞાનવર્ધન પણ કરે અને માર્ગદર્શન પણ. તેમના માટે એ પણ સ્પષ્ટ થઈ જવું જરૂરી છે કે યાત્રાના કોઈ પણ પડાવમાંથી પસાર થવામાં આજે મને રંચ માત્ર પણ ક્ષોભ નથી કે નથી પસ્તાવો. કોઈ પણ વૃદ્ધ વ્યક્તિના પોતાના બાળપણની રમતો કે રમકડાંઓથી લઈને યુવાની, પ્રૌઢ અને પરિપક્વ અવસ્થાઓના બધાં ખાટાં-મીઠાં અનુભવોની સ્મૃતિઓથી હોઠો ઉપર સ્મિત જ ફરકે છે. એનાથી એ સંતોષ પણ થાય છે કે આધ્યાત્મના અમુક અમુક ક્ષેત્રોમાંથી પસાર ન થયો હોત તો તેના અનુભવોથી વંચિત રહી ગયો હોત, અપરિચિત રહ્યો હોત. કદાચ ધર્મ એ જ ઈચ્છતો હતો, અથવા તો એમ કહું કે મારા પૂર્વજન્મોના સંસ્કારોની ભવધારા એ જ ચાહતી હતી કે હું તે જુદા જુદા પડાવોનો સ્વયં અનુભવ કરીને પોતાની વર્તમાન ઉપલબ્ધિનું સાચું મૂલ્યાંકન કરી શકું.

ઈચ્છું છું કે આ જૈફ ઉંમરની વધેલી વ્યસ્તતામાં જ્યાં સુધી સ્મરણશક્તિ કામ કરી રહી છે, ત્યાં સુધી જેટલું થઈ શકે, તેટલો સમય કાઢીને પોતાના શોધપરક અધ્યયન અને વિપશ્યનાપરક અનુભવોને શબ્દબદ્ધ કરી લઉં. હું ખુબજ સમજી ગયો છું કે નિતાંત અજ્ઞાન અવસ્થાના કારણે ફક્ત લોક-પ્રચલિત માન્યતાઓથી પ્રભાવિત થઈને હું ભગવાન બુદ્ધની પરમ પવિત્ર અને પૂર્ણ તથા નિષ્કલંક શિક્ષા પ્રત્યે કેટલો ભ્રાંત રહ્યો અને એના કારણે તેને માનવ સમાજ માટે અને ખાસ કરીને પોતાના દેશ માટે, હાનિકારક માનતો

રહ્યો. કોઈ પણ નિર્દોષ વ્યક્તિ પર અથવા તેની નિર્દોષ શિક્ષા ઉપર લાગેલ મિથ્યા મનઘડંત લાંછનોનો સ્વીકાર કરીને તેને બદનામ કરવું એ સામાન્ય જ નહીં પણ જઘન્ય પાપ છે.

એ મારું દુર્ભાગ્ય હતું કે હું વર્ષો સુધી આ જઘન્ય પાપનો ભાગીદાર બનતો રહ્યો. તે મહાપુરુષની કલ્યાણકારી વિપશ્યનાથી લાભાન્વિત થયા પછી બુદ્ધવાણીનું અનુશીલન કરતાં અને ત્યારબાદ આપણે ત્યાંના અનેક પૌરાણિક ગ્રંથોનું પણ અનુશીલન કરતાં પોતાના આ જઘન્ય દુષ્કર્મ પ્રત્યે સભાન થયો ત્યારે મારું માનસ અપરાધજન્ય લજ્જાથી વિચલિત થઈ ઊઠ્યું. એ સત્ય છે કે મેં આ પાપ જાણી જોઈને કર્યું નથી. દ્વેષ, બુદ્ધિથી અથવા સ્વાર્થ-બુદ્ધિથી કર્યું નથી. અહમને પોષવા માટે પણ કર્યું નથી. જે કર્યું, તે સાંભળેલી-સંભળાવેલી, વાંચેલી-વંચાવેલી નકામી તથ્ય વગરની વાતોથી ભ્રમિત થઈને કર્યું અને વર્ષો સુધી કરતો જ રહ્યો. આવા પાપ કર્મોનું કેવું ભયાનક દુષ્પરિણામ આવશે, તેને જ્યારે યાદ કરું છું ત્યારે રૂંવાડા ઉભા થઈ જાય છે. દુર્ભાગ્યથી આપણા દેશમાં કેટલીક નિરાધાર મિથ્યા વાતો સદીઓથી આ રીતે પ્રસિદ્ધિ મેળવી ચુકી છે અને સર્વમાન્ય થઈ ચુકી છે કે તેનાથી પ્રભાવિત થઈને મારી જેમ લગભગ બધા દેશવાસીઓ જાણે અજાણે, ઈચ્છા-અનિચ્છાએ એ જ દુષ્કર્મમાં લિપ્ત છે. મને આ ઉચિત લાગ્યું કે જે સચ્ચાઈની જાણકારી મેળવીને મેં પોતાને આવા દુષ્કર્મથી ઉગાર્યો છે, તેને બહુ નહિ તો ઓછામાં ઓછા એવા લોકો સુધી અવશ્ય પહોંચાડું કે જેમણે બુદ્ધની વિપશ્યના વિદ્યાનો લાભ પ્રાપ્ત કર્યો છે, અને પ્રાપ્ત કરી રહ્યા છે, જેથી તેઓ વાસ્તવિકતાને સમજે અને અજાણતાં આ દોષના ભાગીદાર ન બને.

પૂર્વકાળમાં બુદ્ધની શિક્ષા પર નિરાધાર લાંછન આ જ કારણે લાગ્યા કે બુદ્ધની મૂળ વાણી અને પ્રયોગાત્મક વિપશ્યના વિદ્યા દેશમાંથી ક્યારનીયે વિલુપ્ત થઈ ગઈ હતી. સદ્ભાગ્યે આટલી સદીઓ સુધી પડોશી બર્મા દેશમાં પોતાના મૌલિક શુદ્ધ રૂપમાં સુરક્ષિત રહેવાના કારણે હવે તે ફરીવાર સ્વદેશમાં પાછી આવી છે. વિપશ્યના વિશ્વ વિદ્યાપીઠના 'વિશોધન વિભાગ' દ્વારા આધુનિક વૈજ્ઞાનિક યુગના નવીનતમ ઉપકરણોનો ઉપયોગ કરીને ત્રિપિટકની સંપૂર્ણ મૂળ બુદ્ધવાણી તેની અર્થ કથાઓ, ટીકાઓ, અનુટીકાઓ વિગેરે પાલિના અત્યાર સુધીના ઉપલબ્ધ બધા જ ગ્રંથોના કુલ ૫૯,૧૫૦

પૃષ્ટોનાં ૯૨,૮૫,૭૫૫ શબ્દોને એક સઘન તશ્તરી (સીડી રોમ)માં નિવેશિત અર્થાત્ સમાવેશ કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત મહાયાની પરંપરાના અનેક સંસ્કૃત ગ્રંથો પણ નિવેશિત કરવામાં આવ્યા છે. આ સિવાય પણ છાંદસ અને સંસ્કૃત ભાષાના લગભગ બધા મહત્ત્વના ગ્રંથો જેવા કે વેદ, ઉપનિષદ્, રામાયણ, મહાભારત, પુરાણ, સ્મૃતિઓ જ નહિ, જૈન પરંપરાના પણ અનેક ગ્રંથોને જોડવામાં આવ્યા છે. જે જે બાકી રહ્યા છે તેમનો સમાવેશ (નિવેશન) કરવાનું કામ ચાલી રહ્યું છે. આ વિશાળ સાહિત્ય-સંગ્રહના કોઈ પણ શબ્દ, પદ, શ્લોક અથવા ગાથાને તાત્કાલિક શોધી કાઢવાની સરળ અને આશ્ચર્યકારક વિધિ આ તશ્તરીમાં (સીડી રોમમાં) ઉપલબ્ધ છે. આ કારણે તુલનાત્મક અધ્યયન મારફતે શોધકાર્યમાં મોટી મદદ મળે છે. જે વિપશ્યી સાધકોની આ તરફ રુચિ હોય તેઓ સંશોધન કાર્યમાં મદદ કરે, તેનો લાભ ઊઠાવે અને સચ્ચાઈને સમજે.

‘‘**अहिंसा परमो धर्म**’’ ના પદને લઈને બુદ્ધ ઉપર એ લાંછન લાગ્યું કે આનો ઉપદેશ (શિક્ષા) આપતાં અહિંસાને એટલી હદ સુધી ખેંચવામાં આવી કે જેનાથી દેશ કાયર, કમજોર અને ગુલામ બની ગયો. આ મિથ્યા માન્યતા આપણામાંના દેશના અનેક લોકોનાં માનસમાં ખુબ જ ઊંડાણ સુધી પેસી ગઈ છે. ભારત આવ્યાના થોડા જ વર્ષો પછી મારી નજર એક લેખ ઉપર પડી. એ પિલાનીથી પ્રકાશિત થયેલ ‘**मरुभूमि**’ નામની માસિક પત્રિકામાં છપાયો હતો. કોઈ વિશ્વ વિદ્યાલયના ઇતિહાસ વિભાગના પ્રોફેસર દ્વારા લખવામાં આવ્યો હતો. બુદ્ધની શિક્ષા પર અતિશય અહિંસાનો દોષ બતાવીને તેનાથી દેશની જે અપાર હાનિ થઈ તેની વ્યાખ્યા કરવામાં આવી હતી. આને વાંચીને લેખક ઉપર ખૂબ કરૂણા જાગી. હું ભલી ભાતે સમજી શકતો હતો કે લેખકને ન તો ભગવાન બુદ્ધ પ્રત્યે શત્રુતા હતી અને ન તો તેમની શિક્ષા પ્રત્યે. તેનો લેખ ન તો દ્વેષભાવથી લખવામાં આવ્યો હતો, ન તો કોઈ સાંપ્રદાયિક પક્ષપાત દ્વારા પ્રભાવિત થઈને. તેણે ઇતિહાસનાં પાઠ્યપુસ્તકો અથવા બીજે ક્યાંય વાંચ્યું હશે અને જે સ્વયં વિદ્યાર્થીઓને ભણાવતો હશે, તેના જ આધારે લખ્યું હશે. પરંતુ તેમાં તથ્યોની અનેક ભૂલો હતી. મેં તેને આવી ભૂલો તરફ ઈશારો કરતો એક લાંબો પત્ર લખ્યો.

પછી વિચાર્યું કે આનાથી શું ફાયદો થશે ? આવા આશયના લેખો

અનેક પત્ર-પત્રિકાઓમાં ક્યારેક ક્યારેક પ્રકાશિત થતા જ રહે છે. તેમાંથી કેટલાક તો સ્પષ્ટ રીતે સાંપ્રદાયિક દ્વેષભાવથી લખવામાં આવ્યા હોય છે. પરંતુ અધિકાંશ લેખોનો આધાર સત્યની જાણકારીનો અભાવ હોવાનું હોય છે. આવી ભૂલો લોકો ન કરે, ખાસ કરીને વિપશ્યી સાધકો તો ન જ કરે, આ જ હેતુસર આ મહત્ત્વપૂર્ણ વિષય ઉપર અત્યાર સુધી કરવામાં આવેલ અનુસંધાનના આધારે થોડો પ્રકાશ પાડવો આવશ્યક છે જેનાથી લોકો સત્યને જાણે, સમજે અને નિરાધાર નિંદાના દોષથી બચે. ધર્મના ક્ષેત્રમાં સત્યનો આધાર જ કલ્યાણકારક હોય છે.

ધર્મના સર્વે પથિકોનું મંગળ થાય! કલ્યાણ થાય!

કલ્યાણ થાઓ!

કલ્યાણ મિત્ર,

સત્યનારાયણ ગોયન્કા